# શ્રી શત્રુંજય - મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

વ્દિતીય વર્ષ અભ્યાસક્રમ-૫

ઑકટોબર

## પ્રશ્ન પત્ર

ગુણાંક ૧૦૦

**સુચના** (૧) નામ અને એનરોલમેન્ટ નંબર વિનાનો પેપર રદ્દ કરવામાં આવશે. (૨) લાલ પેનનો ઉપયોગ કરવો નહીં. (૩) જવાબ પેપર માંજ ખાના માં જવાબ લખવાનો છે સાથે બીજો પેપર જોડવાનો નથી. (૪) ન સમજાય એવા અક્ષરોવાળા જવાબ તપાસવામાં આવશે નહીં. (૫) જવાબ પત્ર દરેક મહિનાની તા. ૫ થી તા. ૨૫ સુધીમાં મોકલાવાના રહેશે. આગળ-પાછળ આવેલા પેપર તપાસવામાં આવશે નહીં. (૬) બધા જવાબો અભ્યાસક્રમના આધારે જ લખવાના છે. (૭) જે મહિના ના પ્રશ્ન પત્ર છે તે પછી ના મહિના ની ૨૫ તા. સુધી તમારા ગુણાંક તેમજ સાચા ઉત્તર ઇન્ટરનેટ ઉપર આપવા માં આવશે એના પછી આવેલા ઉત્તરપત્ર સ્વીકારાશે નહીં. તેમજ એના માટે ફોન ઉપર જવાબ આપવા માં આવશે નહીં. (૮) ઉત્તર પત્ર માં આભ્યાસક્રમ નું નંબર લખવુ જરૂરી છે.

**પ્રશ્ન- ૧ ખાલી જગ્યા પુરો.** ૨૦

૧. કષાય તો નહિ પણ કષાયોના સહચારી, પ્રેરક અને ઉત્પન્ન કરનારા અંતે કષાય પણે પરિણમે તે ............. કહેવાય છે.
૨. હરિવર્ષ અને મહાવિદેહ ક્ષેત્રને જુદો પાડનાર.................... પર્વત છે.
૩. દુનિયામાં .................. સમુદ્રથી મોટો કોઈ સમુદ્ર નથી.
૪. ...................... કષાયના ઉદયે મરે તો મનુષ્ય ગતિમાં જાય.
૫. સ્ત્રી-પુરૂષ બન્નેની ઇચ્છા કરાવે તે નપુંસક વેદ કહેવાય અને તે ................. સમાન છે.
૬. હાથીના દાંત જેવા હોવાથી આ પર્વત.................... કહેવાય છે.
૭. ઉમરમાં સહુથી મોટા હોવાના કારણે બીજા બધા જ ગણધરો પોતાના શિષ્ય પરિવાર.............. ને સોંપતા ગયા.
૮. વાંસના કઠણ મૂળીયા જેવી.................... હોય છે.
૯. હે જગતના શરણરૂપ ! તમને હું નમસ્કાર કરૂં છું, તમે મારા ................ થાઓ.
૧૦. 'અવધિ કરવા કરતાં ન કરવું સારૂં', એમ બોલવાથી ................. નો દોષ લાગે છે.
૧૧. પાંડુકવનમાં.................... સુવર્ણની ચાર મહાશીલાઓ ચાર દિશામાં છે.
૧૨. મૂળનાયકની પ્રતિમા તો વિશેષ કરી..................... વાળી જ હોય છે.
૧૩. જે કર્મના ઉદયથી જીવને.................. તે અરતિ નોકષાય ચારિત્ર મોહનીય કર્મ છે.
૧૪. જિનરાજની પૂજા એ શ્રાવકનું.................... છે.
૧૫. ભારતભૂમિના મગધદેશની સમીપમાં............... ગામ વિદ્યાનું ધામ ગણાતું હતું.
૧૬. .................... ક્રોધ પાણીમાં કરેલી લીટી સમાન છે.
૧૭. ચિત્ર-વિચિત્ર પર્વતોનો આકાર.................. જેવો છે.
૧૮. દેવાધિદેવની ધૂપ પૂજા કરવાથી ધૂપની જેમ આત્માની................ થાય છે.
૧૯. હરિવર્ષ ક્ષેત્રની મધ્યમાં રહેલા વૃત વૈતાઢ્યનું નામ............... છે.
૨૦. પ્રભુ પાસેથી ત્રિપદી મેળવીને...................... ની રચના કરી.

**પ્રશ્ન- ૨ એક શબ્દમાં જવાબ લખો -** ૧૫

૧. વક્ષસ્કાર પર્વત કયા ક્ષેત્રમાં છે ?
૨. દિશાઓના કરેલા પ્રમાણને ભૂલી જવું તે કયો અતિચાર છે ?
૩. લીલા વૈડુર્યરત્નના બનેલા પર્વતનું નામ શું છે ?
૪. શ્રી સુધર્માસ્વામિના પિતાનું નામ શું હતું ?
૫. પુણ્યાનુબંધી પુણ્યનું અદ્ભૂત સાધન કયું છે ?
૬. સમાધિ આપો ! એવી પ્રાર્થના કોની પાસે કરવામાં આવી છે ?
૭. લોભ માનવીને કેવો બનાવે છે ?
૮. અણહારી પદ અપાવનાર પૂજા કઇ ?
૯. સંસાર કોના જેવો છે ?
૧૦. પ્રત્યાખ્યાની કષાય કેવા ચારિત્રને પામવા ન દે ?
૧૧. શ્રવણ નક્ષત્રમાં કોનો જન્મ થયો ?
૧૨. શઠતા, ઠગાઈ, છળ પ્રપંચ, કપટ વિગેરેને શું કહેવાય ?
૧૩. મિશ્ર મોહનીયવાળા જીવોને કયા વ્દીપના માણસો સાથે સરખાવવામાં આવ્યા છે ?
૧૪. જિન આશાતના કેવી છે ?
૧૫. ઘેટાના શિંગડા જેવું શું છે ?

**પ્રશ્ન - ૩ નીચે આપેલા શબ્દો ના અર્થ લખો.** ૧૦

૧) નિઅગોઅં ૨) અહક્ખાય ૩) પઈસ ૪) સત્તે ૫) ધન્ના ૬) ભાવિઅ ૭) ચરિત્ત ૮) હટ્ઠ ૯) અઈરેઅ ૧૦) કદ્દમ
૧૧) નવસરય ૧૨) હલિદ્દ ૧૩) સેઉ ૧૪) અમરા ૧૫) પઢમં ૧૬) આણણ ૧૭) કષ ૧૮) રેણુ ૧૯) વિહિ ૨૦) ધાય

**પ્રશ્ન-૪ જોડક જોડો ( ફક્ત બી ) નું નંબર લખો.** ૧૦

| એ | બી | એ | બી |
|---|---|---|---|
| ૧) લીટી / રેખા સમાન | ૧) પૂ. ગુણસાગરસૂરિ મ. | ૬) કલ્પસૂત્ર | ૬) લોભ |
| ૨) જુગુપ્સા | ૨) જન્મ બદલાય, ગતિ નહીં | ૭) પ્રત્યાખ્યાની | ૭) ક્રોધ |
| ૩) રૂક્મિ | ૩) દેવકુરૂ | ૮) શ્રી શાંતિ જિન | ૮) શ્વેતરૂપ્યમય |
| ૪) વિદ્યત્પ્રભ | ૪) શક્તિ,કિર્તિ,મુક્તિ | ૯) અસંતોષી | ૯) નોકષાય |
| ૫) નીચ ગોત્ર | ૫) ચાર મહિના | ૧૦) સુધર્મા | ૧૦) અયોગ્ય ફળ, ફુલ નૈવેદ્ય |

**પ્રશ્ન-૫ નીચે ના પ્રશ્નોના જ્વાબ સંખ્યામાં લખો.** ૧૦

૧. સુધર્માસ્વામિનો દીક્ષા પર્યાય કેટલા વરસનો છે ?
૨. ચારિત્ર મોહનીયના કુલ ભેદ કેટલા ?
૩. શ્રાવકનું છટ્ઠું વ્રત કેટલા પ્રકારે છે ?
૪. પૂર્વ-ઉત્તર મહાવિદેહમાં કેટલા વક્ષસ્કાર પર્વત છે ?
૫. વ્યક્ત ગણધરે દીક્ષા લીધી ત્યારે એમની ઉમર કેટલા વરસની હતી ?
૬. 'અજિત-શાંતિ-સ્તવ' ની કેટલી ગાથાનો અર્થ પૂર્ણ થયો ?
૭. તીર્થંકર જન્માભિષેકના શીલાની પહોળાઇ કેટલા યોજન છે ?
૮. એક રતિ સિદ્ધભસ્મથી કેટલા તોલા તામ્રનું સોનું બને ?
૯. ઉત્તર કુરૂમાં કેટલા કંચનગિરિ પર્વત છે ?
૧૦. અપ્રત્યાખ્યાની માન ઉત્કૃષ્ટથી કેટલા દિવસ રહે ?

**પ્રશ્ન - ૬ નીચે ના વાક્યો સાચા ( ✓ ) છે ખોટા (×) તે જણાવો** ૧૦

૧. દક્ષિણ દિશામાં ૫૦ માઇલની મર્યાદા રાખી યોય અને ૪૦ માઇલ જઇએ તો ક્ષેત્રવૃદ્ધિ અતિચાર લાગે.
૨. પ્રભુ સંસારના ભયને ભગાડનારા છે.
૩. સંજવલન માયા લાકડાના વાંસના છોલ સમાન છે.
૪. સુધર્માસ્વામિની શિષ્ય પરંપરા અંતિમ દુપ્પસહસૂરિ સુધી ચાલશે.
૫. અનંતાનુબંધી લોભવાળાનો લોભ મહાકષ્ટે જાય છે.
૬. જલપૂજાથી આત્મા કર્મમલને દૂર કરીને નિર્મળતાને પામે છે.
૭. મેરૂ પર્વત અને તળેટિ મળીને કુલ ચાર વન હોય છે.
૮. સ્ત્રીવેદ તૃણના અગ્નિ સમાન છે જે જલ્દિથી શાંત થાય.
૯. સત્વ અને બળમાં નહીં જીતાયેલા એવા અજિતનાથ ભગવાન છે.
૧૦. નિષધ પર્વત લાલવર્ણનો અને ૫૦૦ યોજન ઉચો છે.

**પ્રશ્ન - ૭ નીચેનું વાક્ય ક્યા પાના પર છે તે પાના નંબર જણાવો.** ૧૦

૧. જે કર્મના ઉદયથી જીવને બીક લાગે તે ભય નોકષાય ચારિત્ર મોહનીય કર્મ.
૨. શાલીમાંથી શાલી જ ઉત્પન્ન થાય છે એવી જ રીતે માણસ મરીને માણસ જ થાય.
૩. અહિંસા, સત્ય, અસ્તેય....બ્રહ્મચર્ય અને અપરિગ્રહાદિ સદાચારથી મુક્ત ચારિત્ર છે.
૪. રુપના ગુણોથી દેવતાનો પતિ ઇન્દ્ર તેમને પામી શકતો નથી.
૫. પરમાત્માની દ્રવ્ય પૂજા કરતાં પરમાત્મા પ્રત્યે ઉત્કૃષ્ટ બહુમાન જાળવવું.
૬. વર્ષ અટલે ક્ષેત્ર અને ઘર એટલે ધારણ કરનારા.
૭. સોળ કળાએ ખીલતા ચન્દ્રમાની જેમ બાળક મોટો થયો.
૮. લોભ આત્માને રંજિત કરે છે.... રંગે છે એટલે લોભ માટેના દૃષ્ટાંત રંગ દ્વારા સમજાવેલ છે.
૯. પૂજા વિધિ સાચી પણ પરમાત્મા પ્રત્યે સમ્યગ્ બહુમાન ન હોય.
૧૦. જેનું ઘર ક્યારે પણ બદલાઇ જાય, એનું સરનામું લેવાથી શું ફાયદો થાય ?

**પ્રશ્ન - ૮ તમારી ભાષા માં સમજાવો** ૧૫

૧. દિશાવ્રતની આવશ્યકતા અને રહસ્ય સમજાવો. ૨. કર્મ વિજ્ઞાનની અઢારમી ગાથાનો વિશેષાર્થ સમજાવો.
૩. જંબુદ્વીપના વિવિધ પર્વતોની સંખ્યા જણાવી વૃત વૈતાઢ્ય સમજાવો.
૪. વ્યક્ત અને સુધર્મા ગણધરનું સામ્ય તથા ફરક જણાવો.
૫. જિનપૂજાની પવિત્રતા સમજાવો.

**જ્વાબ પત્ર નીચે ના સરનામે મોકલશોજી**
શત્રુંજય એકેડમી, શ્રી પદ્મપ્રભસ્વામી જૈન મંદિર, સ્ટેશન રોડ, ચાળીસગામ - ૪૨૪ ૧૦૧.
જી. જળગામ. મો. ૯૦૨૮૨૪૨૪૮૪
સાચા પરિણામ અને સાચા ઉત્તર માટે વેબ સાઇટ www.shatrunjayacademy.com